(૨) સરકારની વિવિધ યોજનાઓ અને આ યોજનાઓનો લાભ લોકોને કેટલો મળે છે દતે જાણવા.

(૩) લોકોના કલ્યાણમાં વધારો થાય તેવા ઉપાયો જાણવા.

(૪) ગામડાઓની સમસ્યાઓ જાણવા અને તે માટે લોકોને જાગૃત કરવા.

(૫) ગામડાઓનો આર્થિક વિકાસ થયો છે કે નહી તે જાણવા માટે.

મુલ્યાકન :–

(૧) આ સર્વેક્ષણમાં માલુમ પડે છે કે ગામડાઓની આર્થિક અને સામાજીક બંન્ને પ્રકારની પરિસ્થિતિમાં સુધારાની જરૂર છે. આ પ્રકારના સુધારા માટે લોકોએ જાગૃત થવું પડશે.

ગામડાઓની આર્થિક રીતે લોકો પછાત છે કારણ કે લોકો પાસે યોગ્ય રોજગારીનું સાધન નથી. મોટા ભાગના લોકોએ પોતાનું ગુજરાન ચલાવે છે. અને આ લોકોમાં આજે પણ વેમ, અંધશ્રધ્ધા જોવા મળે છે. ધર્મના નામે આજે પણ લોકો અવળા માર્ગ દોરાય છે. આ માટે સરકાર અને લોકો બંનેમાં સુધારાની જરૂર છે.

(૨) આ બંને ગામડાઓમાં સરકાર તરફથી વિવિધ પ્રકારની યોજનાઓ ચાલે છે. એવું સરકારી વહીવટદારોનું કહેવું છે પણ હકીકત તો એ છે કે લોકોને આ સરકારી યોજનાનો લાભ ૨૫% થી પણ ઓછો મળેલો છે. કેટલીક યોજનાઓ તો ગામડાની પ્રજાને પણ ખબર નથી કે સરકારની આ યોજના આપણા ગામમાં ચાલુ છે માત્ર સરકારી ચોપડાના આંકડા પુરતી આ સરકારી યોજનાઓ યોગ્ય ગામ લોકોનો વિકાસ કરી શકતી નથી. આ માટે જવાબદાર છે આ ભ્રષ્ટ સરકારી તંત્ર.

(૩) આ સર્વેક્ષણમાં લોકોના કલ્યાણમાં વધારો થાય તે માટે ઉપયોગી છે જેમ કે લોકોને પીવાનું પાણી, સ્વચ્છ રસ્તાઓ, તથા સરકારની વિવિધ યોજનાઓ કે જે ખરેખર લોકોના કલ્યાણમાં વધારો કરવા માટે અમલમાં મુકવામાં આવી છે તે તમામ યોજનાની જાણએ ગામની પ્રજાને થવી જોઈએ.

(૪) આ બંને ગામડાઓની વિવિધ પ્રકારની સમસ્યાઓ છે જેમ કે બસની સુવિધા નથ. શૌચાલયની સુવિધા નથી, રસ્તાની સુવિધા નથી, ઉચ્ચતર અભ્યાસ માટે યોગ્ય શાળાઓ નથી. રોજગારી મેળવા માટે ખેતી સીવાયનું કોઈ પણ ક્ષેત્ર નથી. લોકોમાં શિક્ષણનો અભાવ જોવા મળે છે એટલે કે લોકો અભણ છે લોકોને પોતાના અધીકારોની જાણ પણ નથી અને આ તમામ માટે તે જાગૃત પણ નથી.

(૫) આ ગામડાઓનો અર્થિક અને સામાજીક વિકાસ થયો છે જરૂર પણ તે આખા ગામમાં નથી પણ થોડાક લોકો પુરતો જ છે અને આ વિકાસ એ અયોગ્ય વિકાસ છે માટે આ ગામડાઓનો આર્થિક વિકાસ થયો નથી. તેમ આ સર્વેક્ષણ ધ્વારા જાણવા મળે છે.

ગામ લોકોની સમસ્યાઓ :–

(૧) રોજગારીનો અભાવ :–

આ ગામડાના લોકોમાં ૩૬૫ દિવસોમાં માત્ર ૧૨૫ દિવસ રોજગારી એ ખેતી ક્ષેત્રમાંથી મળે છે. બાકીના દિવસો આ લોકો બેકારીનો સામનો કરે છે. મોટા ભાગના લોકોએ ખેત મજુરો છે.

(૨) ધાર્મિક અધંશ્રધ્ધા :–

આજે પણ આ ગામડાના લોકો એ કોઈ બિમારી માટે દવા નથી પણ ધાર્મિક બાધાઓ રાખે છે જો કોઈ સ્ત્રીને બાળક ન થાય તો પણ તે દવાઓની સારવાર નથી લેતી પણ બાધાઓ રાખે છે. આ માટે તેમનો કોઈ વાર પોતાનો જીવ પણ ગુમાવો પડે છે.

(૩) આર્થિક અને સામાજીક સતાનું કેન્દ્રકરણ :–

આ ગામડાઓમાં મુઠિ ભર લોકોનું શાસન ચાલે છે આર્થિકની સાથે સાથે સામાજીક વાતોમાં પણ સમાજનો ઉપરનો વર્ગ એ પોતાની મન માની આજે પણ ચલાવે છે. ટુંકમાં આ ગામડાઓમાં આર્થિક અને સામાજીક સત્તાનું કેન્દ્રકરણ જોવા મળે છે.

(૪) લોકોની વિચાર સરણી :–

આ ગામડાના લોકોની વિચારસરણી એ રાજે પણ ૧૮મી સદીની છે લોકોને પોતાના અધિકારનું ભાન નથી. અને તે લોકો પણ એમ નથી વિચારતા કે આપણા માટે શું યોગ્ય છે અને શું અયોગ્ય આ માટે જવાબદાર છે શિક્ષણનો લોકોમાં અભાવ.

(૫) ઉચ્ચતર શિક્ષણની વ્યવસ્થા નથી :–

આ બંને ગામડાઓમાં એક જ શાળા છે જ ધોરણ ૧ થી ૧૦ સુધીનું શિક્ષણ આપે છે ધો. – ૧૦ પછીના શિક્ષણ માટે ગ્રામજનોને ૭૦ કિ.મી. થી પણ વધારે અંતર એ જવુ પડે છે માટે જ ગામડાના મોટા ભાગ ના લોકો અભણ જોવા મળે છે અને જે ભણલા છે તે પણ ધો.૧૦ થી વધારે નથી. આભ ગામડાના કુલ વસ્તીના ૬૦% લોકોએ ઉચ્ચતર શિક્ષણથી આજે વંચીત છે.

(૬) સ્ત્રીઓ માટે ઘરમાં શૌચાલય ન હોવાથી સ્ત્રીઓ ને પડતી વિશેષ તકલીફો :–

આ સર્વેક્ષણથી એક મહત્વની તકલીફ જાણવા મળી છે આ તકલીફ એક મામુલી તકલીફ લાગે પણ આ સમસ્યાનો ભોગએ અનેક સ્ત્રીઓ બની છે આ તકલીફો નીચે પ્રમાણે છે.

– જુવાન દીકરી–વહુઓને ખુલ્લામાં સંડાસ બેસતા અત્યંત શરમ થાય.

– લુચ્ચા–લફંગા પુરૂષો ધ્વારા છેડતી થવાનો ભય

– લગ્ન જેવા પ્રસંગોએ દાગીના પહેરીને જતાં, દાગીના અને જાનનું જોખમ થવાના બનાવો પણ નોંધાયા છે.

– દર મહિને – માસિક ધર્મના દિવસોમાં ખુબ હેરાન થવુ પડે.

આમ ઉપરની સમસ્યાઓને નિવારવા માટે સરકાર અને પ્રજા આમ બંને એ આગળ આવાની જરૂર છે.

સંદર્ભસૂચી

⇨ ગામના ટલાટીશ્રી, ઠાકોર પુનમચંદ્ર નાનાલાલ (મો. ૯૯૨૫૩ ૨૨૪૮૨)

⇨ બેન્ક મેનેજર (બી.ઓ.બી.), ભાઈલાલ એમ. પરમાર (ફોન. ૦૨૬૭૪ – ૨૮૧૫૩૮)

⇨ પંડિત દિનદયાલ ગ્રાહક ભંડારના વહીવટ કરતા. રાઠોડ ધમેન્દ્રસિંહ કે. (મો. ૯૬૨૪૧ ૮૮૯૩૬)

* A. Galani

Arts [ECONOMICS]
Research Zone India
Vol. 2 Issue - (3)
June - 2014 Page - 214 - 215
ISSN 2319 - 8168

૭૫ લાખ આદીવાસીઓ માટે વનબંધુ કલ્યાણ યોજના

આગમી ૧૫ ઓગષ્ટે ભારત આઝાદીના ૬૦ વર્ષ પૂર્ણ કરશે અને ૨૦૧૦ માં ગુજરાત તેની પાંદ દાયકાની વિકાસ યાત્રાને પૂર્ણ કરશે. અનેક સરકારો આવી, અનેક યોજનાઓ બની. તેમ છતાંય સર્વાંગી વિકાસની બાબતમાં આજે પણ ઘણું કરવાની જરૂર છે. કઈ સરકારે કર્યું અને કઈ સરકારોને ન કર્યું, તેના વાદ વિવાદને બદલે મહાત્મા ગાંધી સ્વપ્નને સાકાર કરવાનો હેતુ સાકાર થાય અને વિકાસની ધારા છેવાડાના માનવી સુધી પહોંચે તેની તાતી જરૂરીયાત છે. સમાજના અનેક વર્ગો છે, જેમના ઉપર સવિશેષ ધ્યાન કેન્દ્રીત કરીને તેમને વિકાસ પામેલા સમાજની હરોળમાં લાવવા રહયા. આવા વિસ્તારો હોય, તેવા જનસમુદાયો હોય, તેના પર ધ્યાન કેન્દ્રીત કરવાનો આ આપણા ગુજરાત સરકારનો અભિગમ છે. ઉમરગામથી અંબાજી સુધીની પૂર્વ પટ્ટીનો આદિવાસી વિસ્તાર જેમાં ૪૩ તાલુકાઓ અનુસૂચિત જનજાતિના ક્ષેત્રો છે. રાજયની કુલ વસ્તીમાં અનુસૂચિત જનજાતીનું સંખ્યાબળ આશરે ૭૫ લાખ છે. જે લગભગ ૧૫ ટકા થવા જાય છે. સદિઓથી આપણી સંસ્કૃતિની રખેવાળ કરનાર, આઝાદીના જંગમાં બલિદાન આપનાર, રાજયની પ્રગતિમાં પરસેવો પાડનાર આદિવાસી સમાજ વિકાસની દોડમાં સામેલ થવા માટે સજાગ થયો છે. ગયા ૬૦ વર્ષના ભૂતકાળના અનુભવોમાંથી આપણા આદિવાસી ભાઈ–બહેનો ઘણું બધુ શીખ્યા છે.

૬૦ વર્ષની યોજનાઓના અને વચનોના પરિણામો જોયા પછી, આપણે માનવું પડે કે ફકત બંધારણ પ્રમાણે અનુસૂચીત જન જાતિના માટેની જવાબદારીઓ પૂરી કરવાથી ધાર્યા પરિણામો નથી મળ્યા. આ નકકર સત્યનો સ્વીકાર કરીને ગુજરાતની વિકાસ યાત્રામાં આદિવાસી બાંધવો સક્રિય ભાગીદાર બને, વિકાસના હકકદાર બને અને ઉજજવળ પરિણામો પ્રાપ્ત કરે એવું સ્વપ્ન સાકાર કરવાની અમારી નેમ છે. આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રાજયની ૧૫ ટકા જેટલી જન સંખ્યા ધરવાતા આદિવાસી સમાજના સશકિતકરણ માટે, તેમની ક્ષમતાની વૃધ્ધિ માટે અને તેમના ધ્વારા અને તેમના થકિ વિકાસના નવા અવસરોનો વધુમાં વધુ લાભ લે તે માટે, વ્યહાત્મક રીતે અને નિતિગત રીતે નવો વ્યુહ અપનાવવાની આવશ્યકતા છે. આ સન્માનનીય સભાગૃહ આદિવાસીઓના શૈક્ષણિક અને આર્થિક કાર્યક્રમોમાં થયેલ ગુણાત્મક સુધારા અને પરિણામ લક્ષી વર્તમાન સરકારની કાર્યસિધ્ધઓથી સુમાહિતગાર છે જ.

આ સન્માનનીય સભાગૃહએ વાતનું સાક્ષી છે કે ૧૯૭૪ થી આદિજાતી પેટા યોજનાથી આદિવાસીઓની વિકાસ યોજનાનો આરંભ થયો. મોદિશ્રીની સરકાર બની તે પૂર્વે ૨૦૦૧ સુધીમાં એટલે કે ૨૭ વર્ષ દરમિયાન માત્ર આશરે રૂા.૬૫૦૦ કરોડ ખર્ચવામા આવ્યા, જયારે ૨૦૦૨ થી ૨૦૦૭ દરમ્યાન એટલે કે છેલ્લા પાંચ જ વર્ષમાં આશરે રૂા. ૬૦૦૦ કરોડ જેટલો ખર્ચ આ સરકારે કર્યો છે. ૨૭ વર્ષમાં રૂા. ૬૫૦૦ કરોડ અને પાંચ વર્ષમાં રૂા. ૬૦૦૦ કરોડ આ તફાવત કોઈનું પણ ધ્યાન ખેંચે તેવો છે. એટલું જ નહિ પરંતુ ગુજરાત પેટર્નના માધ્યમથી આદિજાતિ કલ્યાણના મોડેલના અમલમાં ગુજરાતને નોંધપાત્ર સફળતા મળી છે. આદિવાસી ખેડૂતોને જમીનના પટ્ટા આપવા બાબતમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ હરોળમાં રહયું છે. અને બીજી વધુ ૩૩૪૪ કુટુંબો માટે ૨૨૩૬ હેકટર જમીન ઉપલબ્ધ હોઈ, આ અંગેની દરખાસ્ત મંજુરી અર્થે કેન્દ્ર સરકારને મોકલી આપેલ છે. અને આ અંગે કેન્દ્ર સરકારની મંજુરીની રાહ જોવાઈ રહી છે. એક રાજય સરકાર માટે આ બાબતોનો સંતોષ અને ગૌરવ હોઈ શકે, પરંતુ રાજયના વિકાસની અમારી નેમ છે. તેમ અમે આદિજાતિ કલ્યાણ માટે હજુમોટી હરણફાળ ભરવા માગીએ છીએ. આ રાજય સરકાર સ્પષ્ટપણે માને છે કે વિકાસ સર્વ પોષક હોય, વિકાસ સર્વ સમાવેશક હોય અને વિકાસ સર્વદેશી હોય. આ અભિગમને ચરિતાર્થ કરવા માટે આગામી ૧૧મી પંચવર્ષીય યોજનાના – આગામી પાંચ વર્ષ દરમિયાન આદિજાતીના સર્વાંગી કલ્યાણનો કાર્યક્રમ સિધ્ધ કરવા માટે રૂા. ૧૫૦૦૦ કરોડનું પેકેજ અમલમાં મૂકવાનો સંકલ્પ કર્યો છે. ૧૯૯૪ થી અત્યાર સુધીના ૩૨ વર્ષમાં થયેલ કુલ ખર્ચ કરતા પણ કેટાય ઘણો વધારે ખર્ચ, પાંચ જ વર્ષમાં રૂા.૧૫૦૦૦ કરોડનું પેકેજ એક ઐતીહાસિક ઘટના બની રહેશે.

આ સન્માનનીય સભાગૃહને જણાવતાં ગૌરવ થાય છે કે ''વનબંધુ કલ્યાણ યોજના'' વિકાસનું સ્વપ્નું સાકાર કરશે. રૂા. ૧૫૦૦૦ કરોડના પેકેજની રૂપરેખા આ

* Lecturer, K.R. Doshi P.G. Center of M.Phil., Bhavnagar

સન્માનનીય સભાગૃહ સમક્ષ હું પ્રસ્તુત કરું છું.

(૧) પાંચ લાખ કુટુંબો માટે રોજગાર લક્ષી કાર્યક્રમ શરૂ કરવો :–

– કૃષિની ઉત્પાદકતા વધારી રોજગારીની વધુ તકો ઉભી કરવી.

– પશુપાલન અને ડેર ઉદ્યોગ તેમજ કૃષિ આધારિત ઔદ્યોગિક પ્રવૃત્તિ વધારવી.

– આદિવાસી યુવાનોને ગુણવત્તાવાળી તાલિમ ઉપલબ્ધ કરાવવી.

– આધુનિક વૈજ્ઞાનિક અને તકનીકી કુશળના વધારવા નવતર રોજગારીમા આદિવાસી યુવાનોને જોડવા.

– એવા આદિવાસી કુટુંબો કે જેની મુખ્ય વ્યકિત તરીકે મહિલા હોય તેવા કુટુંબોને આદિવાસી કલ્યાણ યોજનાઓમાં પ્રાથમિકતા આપવી.

(૨) શિક્ષણની ગુણવતા અને ઉચ્ચ અભ્યાસો ઉપર ભાર

– તાલુકા વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખોલવી.

– પસંદ કરેલા ૧૦૦૦ આદિવાસી વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં પ્રવેશ મળે અને સર્વશ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે આયોજન કરવું અને આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ પુલનું નિર્માણ કરવું

– આદિજાતી તાલુકામાં નવોદય અથવા એકલવ્ય જેવી નિવાસી શાળા ખોલવી અને શહેરોની શ્રેષ્ઠ શાળાઓ જેવી ગુણવતાસભર બનાવવી.

– કોલેજના વિદ્યાર્થીઓ માટે વધુ ૧૦૦ છાત્રાલયની સ્થાપના કરવી.

– મેડિકલ કોલેજ, ઈજનેરી કોલેજ, પોલીટેકનીકલ કોલેજ, નર્સીગ કોલેજ અને આઈ.ટી.આઈ. સહિતના શ્રેષ્ઠ શૈક્ષણિક એકમો આદિવાસી વિસ્તારોમાં સ્થાપિત કરવા.

– પરંપરાગત આર્ટસ, કોમર્સ અને સાયન્સ જેવી કોલેજોના એકમો અંતરિયાળ તાલુકામાં શરૂ કરવા.

(૩) આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ વેગવંતો બને

– ઉત્પાદિત ચીજોને યોગ્ય બજાર મળે અને પરંપરાગત કૌશલ્યને આર્થિક આધાર મળે તે ધ્યાન રાખી વિસ્તારવાર, પરંપરાગત આર્થિક પ્રવૃતિઓ ઓળખી કાઢી, તેનું કલસ્ટર બનાવી, સંકલિત આર્થિક વિકાસનો અભિગમ અપનાવવો. તાલુકાદિઠ વર્ષે રૂા. ૧ કરોડની ફાળવણીની નેમ છે.

– નજીકના વિકસેલા આર્થિક મથકો સાથે અંતરીયાળ વિસ્તારનો આદિવાસી ભાગીદાર બની શકે તે માટે આંતરમાળ ખાકિય સુવિધાઓ વિકાસવવી સુવિધાઓ વિકસાવવી અને રસ ધરાવનારાઓને તેવી પ્રવૃતિઓ સાથે જોડવા.

– આદિવાસી વિસ્તારોમાં પરંપરાગત જે સાધનો છે. તેની ગુણવતા વધે અને જે ઉપલબ્ધ કાચો માલ છે તેમાં મૂલ્ય વૃધ્ધિ થાય જેનો સીધો લાભ આદિવાસી સુધી પહોંચે તેવી વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી.

(૪) સૌને માટે આરોગ્ય :–

સુરક્ષિણ માતૃત્વ માટે આદિવાસી કુટુંબોને ચિરંજીવી યોજનાનો પુરેપુરો લાભ મળે તે માટે સઘન પ્રયત્નો કરવા.

– આદિવાસી કુટુંબોની ગર્ભવતી સ્ત્રીઓ ધાત્રી માતાઓ અને છ વર્ષ સુધીના બાળ શિશુઓને કૃપોષણથી નિવારવાની યોજનાઓ ને વધુ ધનિષ્ઠ અને વધુ અસરકારક બનાવશો.

– આદિવાસી કુટુંબો માટે દર વર્ષે આરોગ્યની ચકાસણી અભિયાન

(૫) સૌને માટે ઘર :–

– આગામી પંચવર્ષીય યોજના દરમ્યાન પાંચ વર્ષમાં ઘરવિહાણા તમામ આદિવાસી કુટુંબોને ઘરનું ઘર મળે તેવું આયોજન.

(૬) પીવાનું પાણી :–

– આવતા પાંચ વર્ષોમાં તમામ આદિવાસી કુટુંબોને સુરક્ષિત અને સ્વચ્છ પીવાના પાણીની સગવડ ઓછામાં ઓછા ૨૫ ટકા કુટુંબોને પાઈપ લાઈન ધ્વારા પીવાનું પાણી મળી રહે તેવી વ્યવસ્થા.

(૭) સિંચાઈ :–

– જૂથ યોજના ઉપર વિશેષ ભાર મૂકવામાં આવશે.

– ચેકડેમો નિર્માણ કરવામાં આવશે.

– વોટરશેડ ઉપર આધારિત જળ સંગ્રહ સ્થાનનું નિર્માણ કરવામાં આવશે.

– ટપક સિંચાઈ પધ્ધતિ માટે ધિરાણ અને ટેકનીકલ સુવિધાઓ મળી રહે તે માટે આયોજન.

(૮) બારમાસી રસ્તાઓ :–

– આદિવાસી વિસ્તારોમાં બનતા રસ્તાઓની ગુણવતામાં સુધારો કરવામાં આવશે.

– હાલના રસ્તાની મરામત માટે ખાસ આયોજન

– ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા તમામ ફળિયાઓનું રસ્તાથી જોડાણ કરવામાં આવશે.

(૯) વીજળીની સાર્વત્રિક ઉપલબ્ધતા :–

– ગરીબી રેખાથી નીચે જુવતા તમામ આદિવાસી કુટુંબોના ઘરોનું વિનામુલ્યે વિજળીકરણ બાકીના તમામ પેટા પરાઓનું વિજળીકરણ અંતરિયાળ અને છુટાછવાયા વિસ્તારોમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીક સૂર્ય ઉર્જાનું આયોજન.

(૧૦) શહેરી વિકાસ :–

– ૧૩ આદિવાસી વસ્તી ધરાવતા શહેરોનો આર્થિક અને સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકાસ.

– આગામી પાંચ વર્ષમાં તમામ તાલુકાના મુખ્ય મુથકનું બ્રોડ બેન્ડથી જોડાણ કરવામાં આવશે.

સંદર્ભસૂચી

⇨ ગુજરાત અંક (૪) તા. ૧–૩–૨૦૦૭

⇨ www. gujaratpublication.com

* Dr. D.V. Gohil

Arts [HISTORY]
Research Zone India
Vol. 2 Issue - (3)
June - 2014 Page - 216 - 218
ISSN 2319 - 8168

સરદારસિંહ રાણાની ભારતમાં પ્રવૃતિઓ

ભારતમાં પ્રવૃતિઓઃ

પંડિત શ્યામજી કૃષ્ણવર્માની જેમ સરદારસિંહ રાણાએ પણ અનેક શિષ્યવૃતિઓ જાહેર કરી હતી. સને ૧૯૦૫ ના ડિસેમ્બરનાં 'ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ' ના અંકમા સરદારસિંહ રાણાએ આપેલ ત્રણ શિષ્યવૃતિઓની જાહેરાત કરી હતી. રૂા.૨૦૦૦/– રૂપિયા બે હજારની એક એવી ત્રણ શિષ્યવૃતિઓ મેળવનાર પહેલા ત્રણ ભાગ્યશાળી ભારતીયો આ પ્રમાણે હતા.

૧) શિવાજી શિષ્યવૃતિઃ વિનાયકરાવ સાવરકર
૨) મહારાણા પ્રતાપ શિષ્યવૃતિઃ કનૈયાલાલ વર્મા
૩) અકબર શિષ્યવૃતિઃ પ્રભાત સી.સેન

તેમજ ભારતમાં રહીને ભારતની સ્વતંત્રતા માટે કાર્ય કરનાર વ્યકિતઓને પણ ત્રણ શિષ્યવૃતિઓ આપવાનો નિર્ધાર કરેલ. તેમજ ભારતમાં બોમ્બ બનાવવાનું સાહિત્ય પહોચાડવું, હથિયારો એકઠા કરી ભારતમાં મોકલવાનું કામ સરદારસિંહ રાણા કરતા હતા.

વીર સાવરકરના પ્રતિબંધિત પુસ્તક '૧૮૫૭ નો સ્વાતંત્ર્ય સંગ્રામ' ની નકલો સરદારસિંહ રાણાએ પોંડિચેરી મારફત ભારતમાં પહોંચાડેલી. એવી જ રીતે શ્યામજીના વૃતપત્રનું 'ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ' મેડમ કામાના અખબાર 'તલવાર' અને 'મદન તલવાર' લાલા હરદયાળનં 'ગદર' સામયિક પ્રતિબંધિત હોવા છતાં પણ ભારતમાં ગમે તે રીતે પહોંચી જતું હતું. ભારતના યુવાનોને આ સામયિકો અને વૃતપત્ર ઘેલું લાગતુ હતું. અને સમાચારો વાંચવાનું એક જાતનું વ્યસન થઈ ગયું હતુ. આ કામ સરદારસિંહ રાણા જ કરતા હતા.

સરદારસિંહ રાણાએ આપેલ શિષ્યવૃતિઓ

ઈન્ડિયા હાઉસ :

ઈન્ડિયન ટ્રાવેલીંગ ફેલોશીપ ધરાવનારા સજજનો અને બીજા યોગ્ય ભારતીયોને રહેવા માટે ઘર અથવા હોસ્ટેલ જેવું નિવાસસ્થાન કે જેનું નામ 'ઈન્ડિયા હાઉસ' હશે તે તૈયાર કરવાનું આયોજન થઈ રહ્યું છે. અને બોજામુકત મિલકત હોર્નબીના એક હિસ્સા કાઈગેટ ખાતે ખરીદવામાં આવી છે કે જે સરકારી આંકડાઓ મુજબ લંડનનો સૌથી વધારે આરોગ્યપદ વિસ્તાર છે અને સમગ્ર યુ.કે. માં સૌથી ઓછો મૃત્યુ દર ધરાવે છે આ મિલકત ટ્રાન્સની નજીક છે. અને ગણ રેલવે સ્ટેશનનો થોડી મિનિટો પગ રસ્તે છે તેમ જ વોટર લો પાર્ક, હાઈગેટ વૂડઝ અને કવીન્સ વૂડની સાવ નજીકમાં છે.

આ મકાન ઈમારત પોતાની માલીકીની જમીન ઉપર છે અને હાલમા તેમાં ૨૫ વ્યકિતઓની રહેઠાણની સુવિધાવાળુ છે ભવિષ્યમાં તેમાં પચાસ વ્યકિતનો સમાવેશ થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. લેકચર રૂમ, લાય બ્રેરી, અને રીડીંગ રૂમ બધાજ એક જ ફલોર ઉપર આવેલા છે અને આ રીતે બધી સહસબંધક પ્રવૃતિ અને અભ્યાસ એકજ ફલોર પર મળે છે. આજ પ્રમાણે મનોરંજન માટે ટેનિસ કોર્ટ, જીમ્નેજીપ વગેરે માટે પુરતી જગ્યા છે.[1]

આ સંસ્થાનો વહીવટ માત્ર ભારતીયોના હાથમાં છે અને રહેઠાણની સુવિધા ઓકસફર્ડની રસ્કીન કોલેજ જેવી જ હશે આ સંસ્થાની હદમાં કોઈપણ જાતના માદક પદાર્થો એલાઉ નથી જે સજજનો ઈન્ડીયન ટ્રાવેલીંગ ફેલોશીપ ધરાવે છે. તેઓને આ સગવડતાઓ બદલમાત્ર ૬ શીલીંગ એટલેકે રૂા.૧૨૦૦ દર અઠવાડીયે ચાર્જરૂપે લેવામાં આવશે અને અન્ય નિવાસીઓ માટે આ ચાર્જ જે ખાસ શરતો અને નિયમો નકકી કરાય તે પ્રમાણે રહેશે.

આ સગવડતાનો લાભ લેવા ઈચ્છતા અરજીકર્તાઓએ નીચે સહી કરનાર સાથે પત્ર વ્યવહાર કરવો.[2]

(સહીઃ શ્યામજી કૃષ્ણવર્મા)

ઈન્ડીયન ટ્રાવેલીગ ફેલોશીપઃ

મદ્રાસ અને પંજાબ યુનિવર્સિટીના જે વિદ્યાર્થીઓ વિવિધ પરીક્ષાઓમાં ઉચ્ચતમ ગુણો સાથે ૧૯૦૫ માં પાસ થયેલ હોય તેવા અને આ યોજનાની જાહેરાતના ક્રમ નં.૧ અને ૨ ની શરતોને આધીન (જે જાહેરાત ઈન્ડીયન સોશીયોલોજીસ્ટના જાન્યુ. ૧૯૦૫ ના અંકમા પ્રસિધ્ધ થઈ હતી.) પાત્રતા ધરાવતા હોય તેવા યોગ્ય ઉમેદવાર જે ઉચ્ચતર અભ્યાસ કરવા માગતા હોય અથવા ખાસ કારકિર્દી

* Lecturer, N.M. Bhuta Arts & Commerce College, Shihor

ઘડવા માંગતા હોય અને આ યોજનાનો લાભ લેવા માંગતા હોય તેવા ભારતીયોને ૩૧ જાન્યુઆરી ૧૯૦૬ પહેલા મળી જાય તે રીતે અરજીઓ કરવા વિનંતી.

નીચે સહી કરનાર મુંબઈ, કલકતા અને અલ્હાબાદ યુનિવર્સિટીના ગ્રેજયુએટસ પાસેથી અને બીજા ભારતીય રાજયોમાથી યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી આ યોજનાની કલમ–૩ ને આધીન રહી આવીજ અરજીઓ માંગવામાં આવે છે વધુ માહિતી માટે નીચે સહી કરનાર સાથે પત્ર વ્યવહાર કરવો.[3]

(સહી. શ્યામજી કૃષ્ણવર્મા)

ધ ઈન્ડીયન હોમરૂલ સોસાયટીઃ

ઓલીકેશન ફોર્મ

'ધ ઈન્ડીયન હોમરૂલ સોસાયટી' ના સભ્યપદ અને ધ ઈન્ડીયન સોશીયોલોજીસ્ટની મફત ડીલેવરી સાથેની કુલ ફીઉ સેન્ટ અથવા રૂા. ૧–૫–૦ વાર્ષિક.

મને ઉપર જણાવેલી સોસાયટીના ઉદેશોમા પુરી સહાનુભૂતિ છે અને હું આ સોસાયટીનો સભ્ય બનવા ઈચ્છું છું આ સાથે હું ૩ શિલીંગની ફી સામેલ કરું છું.

સહી.....

સરનામુ.....

નોમીનેશન (વારસદાર) [4]

1)

2)

આ નોંધણીની અરજી સેક્રેટરી ૮/૦ શ્યામજી કૃષ્ણવર્મા ૭, કવીન્સવુડ એવન્યુ, હાયગેટ, લંડન (નોર્થ) ના નામે મોકલવી.

યોજના :

[1] નીચે સહી કરનાર છ ટ્રાવેલીંગ ફેલોશીપ શરૂ કરવા માગે છે કે જેનું દરેક માટેનું મૂલ્ય રૂા. ૨૦૦૦/– (બે હજાર) હશે અને જે ભારતીય ગ્રેજયુએટને તેમનું ઈગ્લેન્ડમાં શિક્ષણ પુરુ કરવામાં અથવા સ્વતંત્ર ધંધાકીય કારકિર્દી ઘડવામાં મદદરૂપ થશે જો ઉપરોકત યોગ્ય ઉમેદવાર ન મળે તો યોગ્યતા ધરાવતા અન્ય ઉમેદવારોને તે ફાળવવામાં આવશે.

[2] ઉપરોકત છ માંથી પાંચ ફેલોશીપ 'હર્બટ' સ્પેન્સર ઈન્ડીયન ફેલોશીપ' ના નામથી ઓળખાશે. અને છઠ્ઠી ફેલોશીપ જયારે પણ પંજાબ યુનિવર્સિટીના ભારતીય વિદ્યાર્થીને ફાળવાય ત્યારે તે 'સ્વામી દયાનંદ સરસ્વતી ફેલોશીપ' તરીકે ઓળખાશે

[3] વર્ષ ૧૯૦૫ માં બે ફેલોશીપ આપવામાં આવશે અને તેટલી જ સંખ્યામાં પછીના વર્ષે ૧૯૦૬ માં અને ત્યારબાદ ૧૯૦૭ માં નીચેની શરતોએ અપાશે પસંદગીનો ક્રમ ૧૯૦૫ મુંબઈ અને કલકત્તા, ૧૯૦૬ મદ્રાસ અને પંજાબ અને૧૯૦૭ માં અલ્હાબાદ અને મુંબઈ આ રીતે આગળ ઉપર રોટેશનમાં.[5]

શરતોઃ

[1] એવા ભારતીયો કે જે મુંબઈ, કલકતા, મદ્રાસ, પંજાબ અને અલ્હાબાદ યુનિવર્સિટીઓ માંથી ઉચ્ચ ગુણાક સાથે બી.એ.પાસ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓ આ ફેલોશીપ માટે લાયક ગણાશે.

[2] જો બી.એ.ના યોગ્ય ઉમેદવાર પ્રાપ્ત ન થાય તો ફેલોશીપ એલ.એલ. બી., એલ.એમ. એન્ડ સી. અથવા એમ.બી, બી. એસ.સી., એલ. સી.ઈ. અથવા બી.સી.ઈ. પરીક્ષા ઉચ્ચ ગુણાંક સાથે પાસ થયેલ ઉમેદવારોને ફાળવવામાં આવશે.

[3] જો આમ છતાં કોઈ જગ્યા ખાલી રહે તો કોઈપણ કારણસર નીચે સહી કરનાર અન્ય કોઈપણ લાયકાત ઉમેદવારને પસંદ કરવા સ્વતંત્ર છે.

[4] પસંદ થયેલા ઉમેદવારે તેની પસંદગીના સમયથી બે મહિનાના સમયમાં ભારત છોડી ઈગ્લેન્ડ જવા રવાના થવું પડશે. અને ભારત છોડયાની તારીખથી પૂરા બે વર્ષ ઈગ્લેન્ડ કે યુરોપ કે અમેરિકામાં રહેવું પડશે અને તેમાંથી દરેક વર્ષના ઓછામાં ઓછા છ માસ માટે ઈગ્લેન્ડના કોઈ ઘર કે હોસ્ટેલમાં રહેવુ પડશે નીચે સહી કર્તા મંજૂર કરી હોય તેવી બોર્ડીંગ કે લોજમાં દર અઠવાડીયા રૂા.૧૨–૦૦ (૧૬ શિલીંગ) ની જોગવાઈ કરવામાં આવશે ઉમેદવાર પોતાની પસંદગીની કોઈપણ કારકિર્દી પસંદ કરીશકશે.

[5] ઉપરોકત નિયમ નં.૫ નું ઉલ્લંઘનના કિસ્સામાં ફેલોશીપ એ જ કારણે રદબાતલ થશે. ઉમેદવારનું સ્ટાઈફન્ડ પાંચ અર્ધવાર્ષિક હપ્તામાં આપવામાં આવશે. અને સૌ પ્રથમ હપ્તો તેને ભારત છોડતા પહેલા એક અઠવાડિયા અગાઉ આપવામાં આવશે.

[6] દરેક ઉમેદવાર કે જે ફેલોશીપનો લાભ લેવા માગતો હોય તેણે ૧૮ વર્ષની ઉમર પૂરી કરેલ હોવી જોઈએ. અને સોગંદનામું આપવુ પડશે કે તે ભારત પાછા ફર્યા પછી બ્રિટીશ સરકાર (અંગ્રેજ સરકાર) હસ્તકની કોઈપણ જગ્યા, નોકરી કે સેવામાં સવેતન કે અન્ય સેવામાં જોડાશે નહી.[6]

[7] વધુમાં તે નીચે સહી કરનારને એ લેખિત ખાતરી આપશે કે આ એગ્રીમેન્ટની તારીખથી શરૂ કરીને દશ વર્ષના ગાળ ામાં તે આ રકમ રૂા. ૨૦૦૦/– (ફેલોશીપની રકમ) દર વર્ષે ૪ ટકાના સાદા વ્યાજ સાથે નીચે સહી કરનારને અથવા તે જેને પોતાના વતી નિયુકત કરે તે વ્યકિત કે વ્યકિતઓને પરત કરશે તેમજ ઉપરોકત રકમ સિવાયની જોકોઈ આવી રકમ અપાય હોય તો તે પણ આજ રીતે પરત કરશે.

[8] આ બધી રકમ જે આ રીતે અપાશે અને પરત આવશે તે વધારા સાથે ફેલોશીપના હેતુ માટે ફંડમા સમાવેશ કરાશે અને સમયાંતરે તેમા વધારો થશે અને અપાશે.

[9] આ એગ્રીમેન્ટમાં એવી પણ જોગવાઈ રહેશે જે દરેક ઉમેદવારે ભારત છોડતા પહેલા પોતાના જીવન ઉપર રૂા. ૫૦૦૦/– થી વધુ નહીં તેવો વિમો ઉતારાવેલો હોવો જોઈએ અને તેનું પ્રિમીયમ ઉમેદવારે ભરવાનું રહેશે અને આવા વિમાની પોલીસીઅને જરૂરી કાગળો તથા વિમાની પહોંચો નીચે સહી કરનારે સુપ્રત કરવાના રહેશે જે તે ઉમેદવારને અપાયેલી

રકમની સિકયોરીટી રૂપે રાખવામાં આવશે જો નાણા પુરા કરવાના સમયગાળા પહેલા જો ઉમેદવારનું મૃત્યુ થાય તો તેવા સંજોગોમાં નીચે સહી કરનારા અથવા તેના વતી નિયુકત વ્યકિત કે વ્યકિતઓ વિમાની રકમમાંથી પોતાના નીકળ તા નાણા લઈ અને ત્યાર બાદની રકમ જો વધતી હશે તો જે તે ઉમેદવારના સગા કે વારસને સુપરત કરશે જો ઉમેદવાર તેની ફેલોશીપની રકમ ઉપરોકત સમય પહેલા પરત કરશે તો તેની આ પોલીસી તેને પરત આપવામાં આવશે.[7]

[10] ત્રણ વર્ષના સમય પહેલા જો આ યોજના સફળ સાબિત થાય તો નીચે સહી કરનાર તેને કાયમી ધોરણે ચાલુ રહેતી સ્કીમમા જરૂરી ફંડ સાથે શરૂ રાખશે.

આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા ઉમેદવારે તેમની ઉમરના રાષ્ટ્રીયતા, શિક્ષણ વગેરેના આધારો સાથે જરૂરી નકલો જોડી નીચેના સરનામે અરજી કરવી.

બેરિસ્ટર સરદારસિંહ રાણાની છાત્રવૃતિની જાહેરાતઃ ડીસેમ્બરનો અંક સ્વદેશાભિમાની છાત્રવૃતિઓ છવાયેલો રહ્યો ? એડમંડ બર્ક અને ગણેશ વાસુદેવ જોશીના નામે બે વ્યાખ્યાન માળાઓની ઘોષણા કરવામાં આવી બેરિસ્ટર સરદારસિંહ રાણાએ (હોમરૂલ સોસાયટીના ઉપાધ્યક્ષ) ત્રણ ફેલોશિપની જાણ કરતો પત્ર લખ્યો તે આ અંકમાં છપાયો છે. ૧૨, નવેમ્બર, ૧૯૦૫ ના પારિસથી લખાયેલા પત્રમાં 'રાણા પ્રતાપસિંહ' 'શિવાજી મહારાજ' અને ' કોઈ એક ઉદારવાવાદી મુસ્લિમ ચિંતક' ના નામની છાત્રવૃતિઓનો નિદે શ છે. સરદારસિંહ રાણાએ લંડનની ઈન્ડિયન સોસાયટીના પ્રમુખને એક પત્ર લખીને જણાવ્યું. કે ગોખલે જેવા બ્રિટિશ સન્માનોને ચાલુ રાખનાર નેતાના માનમાં ભોજન સમારંભ અનુચિત હતો.[9]

સરદારસિંહ રાણાની ત્રીજી છાત્રવૃતિને અકબરનું નામ અપાયાની માહિતી આ અંકમાં મળે છે.

એપ્રિલના અંકમાં છાત્રવૃતિ મેળવનારાઓની યાદી આપવામાં આવી. વિસમી સદીના પહેલા દશકામા જે જૂવાન ભારતીયો અભ્યાસના નિમિતે ઈંગ્લેન્ડ ગયા તેમાંના ઘણાખરા 'ઈન્ડિયા હાઉસ' માં ક્રાંતિની દિક્ષા પામ્યા. વીર સાવરકર અને મદનલાલ ધીંગરા આમાં મળે છે. આ ર્દષ્ટિએ સંપૂર્ણ યાદી રસપ્રદ થઈ પડશે.

[1] **હર્બર્ટ સ્પેન્સર ફેલોશિપ** :–પરમનાથ ચૈટરજી. કલકતા

[2] **સ્વામી દયાનંદ ફેલોશિપ** :– મોઈનુદિન અહમદ, અલ્હાબાદ, તંત્રીઃ ધ ઈન્સ્ટિટયુટ ગેઝેટ' અલીગઢ

[3] **રાણા પ્રતાપ ફેલોશિપ** :– કન્હૈયાલાલ વર્મા, ઉદયપુર

[4] **શિવાજી ફેલોશિપ** :–વિનાયક દામોદર સાવરકર, તંત્રીઃ– વિહારી, મુંબઈ

[5] **અકબર ફેલોશિપ** :– પ્રભાત સી.એન. કલકતા

[6] **ભારતીય વ્યાખ્યાન માળાઓ** :– એડમંડ બર્ક, લેકચરશિપઃ આર.જી. પ્રધાન, મુંબઈ

ગણેશ વાસુદેવ જોશી લેકચરશિપઃ– વિનાયક નારાયણ મનોહર, મુંબઈ,

સ્વદેશી ઉદ્યોગના આવાર્ડક

આ ઉપરાંત અન્ય માટે 'ઈચ્છા' વ્યકત કરાઈ તે એમ.એન. દત, એન.સેન, દલપતરામ ઈચ્છારામ પાઠક, યુગદત, અક્ષયકુમાર રાય, કે. સોમનાથ, ટી.બી. ભાનગે, એલ.એમ.રાય, એસ.આર.ભાગવત, હેમચંદ્ર બેનરજી, સતીષચંદ્ર સેન, કાર્તિકચરણ નિયોગી, હરિ ચંદ્ર તાલચીકર, મન્મથનાથ ચેટરજી, પંચાનન ઘોષણ, એન.સી.મહેશ.[10]

વામન જી.દેસાઈ, ઈન્દ્ર માધવ મલિક, રઘુવીર પ્રસાદ ખરે, બાપુરાવ રામચંદ્ર અવતે, હરિદાસ બોઝ, જે. સજાણા, એમ.એસ.માસ્ટર, જે.કે.દાસ ગુપ્તા, સુરેશ સી. નિયોગી, ભીમરાવ, હીરાલાલસુદ, હરિદાસ બોઝ, દેવીપ્રસાદ શુકલ, એમ.શંકર નારાયણ, તલમાઝહુસેન, મનોહરલાલ, આર.એન. આગસકર, હેમાંગનાથ બેનરજી, રતનજી સરદેશજી, એસ.એમ.મહેમુદ, છોટુરામ, નરેન્દ્ર નાથ બોઝ, એ. રામારાવ, કે.એમ.પારઘી, એસ.ચૈલૈયા. સુબારાવ હલકટ, જી. રામે વર રાવ, શિવપ્રસાદ રાયજાદા, કે.ડબલ્યુ. રામાનાથ, એસ.સી.સેન, દેવવ્રત મુખરજી. [11]

પાદ નોંધ

⇨ Edited by Shyamaji Krishna Varma.M.A. (Oxon) 'Queen' s wood Avenue., Hizzte,London, N.One Pennvy, Mothly The Indian Sociologist, May,1905 P.4

⇨ એજન. પૃ.4

⇨ એજન. પૃ.4

⇨ એજન પૃ.4

⇨ THE INDIAN SOCIOLOGIST, ફેબ્રુઆરી, 1905.P.4

⇨ એજન. પૃ.4

⇨ એજન પૃ.4

⇨ એજન. પૃ.4

⇨ પંડયા વિષ્ણુ. ડો.આરતી પંડયા, આઝાદી જંગનું પત્રકારત્વ, લંડનમા ઈન્ડિયન સોશિયોલોજીસ્ટ, પ્રકાશક, ડો.આરતી પંડયા, નૈસદ પ્રિન્ટર્સ, નારણપુરા, ગામ, અમદાવાદ પૃ.35

⇨ THE INDIAN SOCIOLOGIST V[l5|, 1906 P.1

⇨ એજન પૃ.1

* **Dr. S.A. Kureshi**

Arts [SOCIOLOGY]
Research Zone India
Vol. 2 Issue - (3)
June - 2014 Page - 219 - 221
ISSN 2319 - 8168

સ્ત્રી સશકિતકરણ

ભારતીય સમાજમાં સ્ત્રીનું સ્થાન પુરુષની સરખામણીમાં નીચું રહેવા પામ્યુ છે. સ્વતંત્ર ભારતમાં બંધારણીય જોગવાઈઓ અને મહીલાઓની પુરુષ સમોવડી બનાવવા માટેની કાનૂની જોગવાઈ હોવા છતાં વર્તમાન સમયમાં પણ સ્ત્રી પુરુષ વચ્ચે અસમાનતાની સમસ્યા સ્પષ્ટ સ્વરૂપે જોવા મળે છે.

સ્ત્રી સશકિતકરણ સ્ત્રીશક્ષિણ તેમજ મહિલા જાગૃતિ અંગેના અનેકવિધ કાર્યક્રમો થયા હોવા છતાં સ્ત્રી દરજજામાં સુધારો જોવા મળતો નથી.

સ્ત્રી સશકતીકરણની સૌ પ્રથમ શરૂઆત ૧૯૮૫ માં મહિલા આંતરરાષ્ટ્રીય સંમેલન 'નેરોબી' માં થઈ હતી. સ્ત્રી સશકિતકરણનો મુખ્ય ઉદ્રેશ સ્ત્રીઓને પુરુષ સમકક્ષ, રાજકીય, શારીરિક, માનસિક, સામાજિક અને આર્થીક ક્ષેત્રોમાં કુટુંબ, સમુદાય સમાજ અને રાષ્ટ્રના સંદર્ભમાં નિર્ણય લેવાની સ્વાયતતા છે. ભારતમાં સ્ત્રી સશકિતકરણનો પ્રાથમિક ઉદેશ સ્ત્રીઓની સામાજિક આર્થીક સ્થિતિને સુધારવાનો છે. ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં સ્ત્રીઓની ભૂમિકાને આજે દેશ યાદ કરતો નથી. પરંતુ સત્ય એ છે કે કસ્તુરબા, કમલા નહેરું વગેરેએ ઘણા બધા દુઃખ સહન કરીને પુત્ર અને પતિનું મનોબળ વધાર્યુ હતું. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, બેગમ હજરત મહલ, બેગમ નિતમહલ, મેડમ કામા, સરોજીની નાયડું, શ્રીમતી એની બેસન્ટ, ઈન્દીરાગાંધી, વગેરેના બલિદાનની કહાની આજ પણ ઈતિહાસની સાક્ષી પુરે છે. આ સંદર્ભમાં ડો.રમીલા થાપર જણાવે છે કે,

" મહિલાના સ્થાનમાં પરિવર્તન લાવવાની પ્રેરણા રાષ્ટ્રીય આંદોલન ધ્વારા થઈ આંદોલનની શરૂઆત ૧૯ મી સદીમા થઈ હતી. તેનો સામાજિક પ્રભાવ હજુ સુધી આપણા પર દેખાઈ રહયો છે. "

આમ છતાં આઝાદીના ૬૬–૬૭ વર્ષ પછી પણ સ્ત્રીઓના સામાજિક દરજજા અને આરોગ્યક્ષેત્રે સુધારો જણાતો નથી. એક અભ્યાસમાં જણાવ્યા અનુસાર ૫૦% સામાન્ય ૭૦% ગર્ભવતી મહિલાઓ અનેમિયા રોગથી પીડાય છે. ૨૫% માતા અપુરતા પોષણના કારણે સમય પહેલા બાળકોને જન્મ આપે છે. અર્થાત બંધારણક્ષેત્રે કાનૂની જોગવાઈ હોવા છતાં સ્ત્રીઓ વર્તમાનમાં પણ નિરક્ષર ભ્રૂણહત્યા માતાનું મૃત્યુ અત્યાચાર સ્ત્રી – પુરુષ અસમાનતા વગેરે સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

- **ભારતમાં સ્ત્રી મતાધિકાર :–**

બ્રિટનની મહિલાઓને ૮૬ વર્ષની લાંબી લડાઈ બાદ ૧૯૧૮ માં મત દેવાનો અધિકાર પ્રાપ્ત થયો હતો પરંતુ ભારતમાં સ્ત્રીને મત દેવાનો અધિકાર ૧૯૧૯ માં પ્રાપ્ત થયો અને સ્વતંત્ર અધિકાર ૧૯૨૬ માં મળ્યો જેના શ્રેય ભારત પ્રેમી, વિદેશી મહિલા શ્રીમતી માર્ગરેટને જાય છે. સાથે સાથે ચુંટણીમાં ભાગ લેવા માટે બે મહિલા કમલાદેવી અને મુતુલક્ષ્મીને ૧૯૨૬ માં ઉભા કરાયા અને ૧૯૫૦ માં ભારતમાં સ્ત્રીઓને સંવિધાનમાં સમાનતા અધિકારો પ્રાપ્ત થયા.

મહિલા આર્થિક વિકાસના કાર્યક્રમો :–

જવાહર રોજગાર યોજના (J.R.U) એપ્રીલ ૧૯૮૯ અનામત આવાસન યોજના E.A.S, ૧૯૯૩ માં મહિલા અને બાળવિકાસ કાર્યક્રમJ.R.D.P૧૯૮૨–૮૩ માં ૫૦ જિલ્લામાં લાગુ પાડવામાં આવ્યો. રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમ (N.S.D.P.) કાર્યક્રમ ૧૫ ઓગષ્ટ ૧૯૫૫ માં શરૂઆત કરવામાં આવી જેમાં રાષ્ટ્રીય વૃધ્ધાવસ્થા પેન્શન યોજના, રાષ્ટ્રીય પરિવાર લાભ યોજના, રાષ્ટ્રીય પ્રસવ લાભ યોજના જેવા કાર્યક્રમોની શરૂઆત કરવામાં આવી.

- **આર્થિક વિકાસની વિશિષ્ટ યોજના :** –

"અપની બેટી અપના ધન" હરીયાણા સરકારે મહાત્મા ગાંધીના ૧૨૫ માં જન્મ દિવસે ૨ ઓકટોમ્બર ૧૯૯૪ માં આપની બેટી અપના ધનની શરૂઆત કરી આ નવા રચનાત્મક અભિગમને કારણે રાજય અને રાષ્ટ્રને ઘણો લાભ થશે જેમાં જાતી સંતુલન કરવી અને છોકરી અને મા બંનેની પતિષ્ઠા કાયમી રહે તેવા હેતુથી આ યોજના અમલમાં મુકવામાં આવી.

- **લગ્નક્ષેત્રે સ્ત્રીનો દરજજો :** –

માનવ સમાજ જીવનમાં લગ્નક્ષેત્રે અનેકવિધ કાયદાઓ જેવા કે હિન્દુ મેરેજ એકટ (૧૯૫૫) કાયદા ધ્વારા હિન્દુ સમાજમાં સ્ત્રી– પુરુષને સમકક્ષ દરજજો આપવામાં આવ્યો છે. મુસ્લીમ સમાજમાં મુસ્લીમ લગ્નના નિયમો (૧૯૫૫) પારસી લગ્નના નિયમો (૧૯૩૬) આદીવાસી લગ્નના નિયમો વગેરે

*** Head, Sociology Department, S.B. Mahila Arts College, Himmatnagar**

ધ્વારા ભારતીય સમાજમાં મહિલાઓને પુરુષ સમકક્ષ કૌટુંબિક જીવનમાં દરજ્જો આપવામાં આવ્યો છે.

મહિલાઓ પર થતા અત્યાચારો દુર કરવા માટે અનેકવિધ કાયદા નિયમો અમલી બનાવવામાં આવ્યા છે. જેમ કે મહિલાઓના વ્યભિચાર – અનૈતીક વ્યાપાર નિષેધક નિયમ (૧૯૫૬–૧૯૫૮) દહેજ પ્રતિબંધક કાનુન ૧૯૬૧ રાજકીય ક્ષેત્રે મહિલાઓને ૩૩% અનામતની જોગવાઈ , મહિલા સશકિતકરણ અંગેના બંધારણીય અધિકારો વગેરે મહિલા સશકિતકરણની જાગૃતિ લાવવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આમ છતાં Indian Institute Of Opinion ના સર્વેક્ષણમાં મહિલાઓના પ્રતિનિધિત્વ અંગેના અધિકારો આપવામાં સંતોષપ્રદ જણાવ્યુ નથી.

• માનવ અધિકાર સ્ત્રીના સંદર્ભમાં જોઈએ તો સ્ત્રી પણ એક માનવી છે. સમાજમાં તેનું પણ મહત્વનું સ્થાન છે. જેના વગર સમાજ સંભવ નથી. " Life is a beautiful " તેથી જીવન આ વિશ્વાસે જીવવું જોઈએ.

"It was not only one, that there were peple who suffered More than I am possible imagine. I am so lucky. For all the Terrible things that happen, you learn that Life goes on and that if you are fortunate enough to have been given a second change , you have to make the most of a new life"

- **" The Sanday Times"** એક શાયર કહે છે તેમ , નશેમન પર નશેમન ઈસ તરહ , તામીર (નિર્માણ) કરતા જા, કિ બિજલીયા ગિરતે ગિરતે, ખુદ હી બેજાર (હતાશ) હો જાય "

વર્તમાન આઈ.ટી. યુગમાં મહિલાઓ પુરુષ સમકક્ષ દરેક ક્ષેત્રમાં સાહસીક પ્રવૃતિ કરીને રાષ્ટ્રની પ્રગતી – પરીવર્તનમાં મહિલાનું યોગદાન આપી રહી છે. અને પુરુષ પાસેથી પોતાના અધિકારો માંગતી થઈ છે.

• ભારતીય નારી વિકાસ યોજના : –

વિશ્વા મહિલા સંમેલન સપ્ટેમ્બર ૧૮૮૫ માં નારી વિકાસ યોજના ભારત સરકારે બનાવી મહિલા રાષ્ટ્રીય આયોગની અધ્યક્ષ શ્રીમતિ મોરીની ગીરીનો મત નોંધ છે કે ,

" મહિલા જયાં સુધી પોતાના અધિકારોની સામે સંઘર્ષ નહી કરે ત્યાં સુધી પુરુષ સમાજ તેને કંઈ નહી આપે"

– આંતર રાષ્ટ્રીય મહિલા વર્ષ સંયુકત રાષ્ટ્ર ધ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષની સ્થાપના ૧૯૭૫ માં થઈ શા માટે થઈ? શુ સ્ત્રીને ઘરમાં બીજા નાગરિક વ્યકિત તરીકે સમાજતા હતાં એટલા માટે? પુરુષને સબળ થઈને વિશ્વશાંતિ અને સમૃધ્ધીના લીધે સંઘર્ષ કરવો પડે છે. તો શાંતિમાં સ્ત્રીનો સહયોગ જરૂરી છે. આ નગ્ન સત્યએ સંયુકત રાષ્ટ્રસંઘના પુરુષ માનવ સમાજને સમજમાં આવી ગયુ હશે.

• આંતરષ્ટ્રીય મહિલા વર્ષના કાર્યક્રમો : – ૧૯૭૫

ભારતમાં આંતર રાષ્ટ્રીય મહિલા વર્ષમાં મહિલા વ્યકિતત્વ વિકાસ સામાજિક સ્થિતિની સુધારણા આર્થીક સ્વાવલંબન ની સમસ્યાઓનું નિવારણના થોડા કાર્યક્રમો નકકી થયા. જેમાં મહિલા સમ્માન અને સમૃધ્ધી છે. જેમ કે શરાબ બંધી, અનિવાર્ય શિક્ષા, લગ્ન માટે સીવીલ કોડ, દહેજ પ્રથા, બાળલગ્ન, આત્મનિર્ભરતા, શાસન વ્યવસ્થામાં પ્રતિનિધિત્વના અંતર્ગત પ્રથમ આંતર રાષ્ટ્રીય વિશ્વ મહિલા સંમેલન મેકસીકો (૧૯૭૫) દ્વિતીય ડેનમાર્ક (૧૯૮૦) તૃતીય નેરોબી(૧૯૮૫) ચોથું ચીન(૧૯૯૫) માં યોજાયું હતું. જેમાં અગામી પંચવર્ષીય ગુણાત્મક સંખ્યાત્મક નિર્ધારણ, રાજનિતિ પ્રક્રિયામાં મહિલા ભાગીદારી સંચાર માધ્યમો ધ્વારા રજુ થતી સમસ્યાની રીતનું નિરીક્ષણ કરનારી તેને સુધારવું સરકારી બિનસરકારી સંગઠનનો સહયોગ સ્થાપીત કરવો સામાજીક આર્થીક વિકાસ ધ્વારા શારીરિક માનસીક સ્વાસ્થ્ય સેવા ઉપલબ્ધ કરાવવી શૈક્ષણિક દરજ્જામાં સમાનતા અપાવવી વગેરે બાબતો બધા જ દેશોએ મહિલાની સ્થિતી સુધારવા પ્રયત્નો કર્યા છે. આમ છતાં ઘણા બધા ક્ષેત્રોમાં વર્તમાન સમયમાં અસમાનતા જોવા મળે છે.

' નેપોલીયન બોનાપાર્ટ કહે છે કે ,
''મુજે એક યોગ્ય માતા દો ,
મે તુમ્હે યોગ્ય રાષ્ટ્ર દુંગા.''

આ સંદર્ભમાં કહી શકાય કે દેશ અને સમાજના નવ નિર્માણમાં મહિલાઓની ભાગીદારી અતિ આવશ્યક છે. પુરુષોમાં જોવા મળતી પ્રેરણા શકિત અને ઉષ્મા શકિતના પાયામાં નારી શકિત રહેલી છે. ઈ.સ. ૧૯૭૫ માં ૧૯ જુન, ૨ , જુલાઈ પ્રથમ આંતર રાષ્ટ્રીય મહિલા સંમેલનમાં પ્રથમવાર સંયુકત રાષ્ટ્ર સંઘે મહિલા કલ્યાણ હેતુંનું આયોજન કર્યુ હતું સમાજની પ્રગતી અને વિશ્વશાંતિ માટે મહિલા શિક્ષણ મહિલા જાગૃતી લાવવાના પ્રયાસો સ્વામી વિવેકાનંદ, સ્વામી દયાનંદ સરસ્વતી, રાજા રામમોહનરાય ,શ્વરચંદ્ર વિદ્યાસાગર, મહાત્મા ગાંધીજી, સરોજીની નાયડું વગેરેઓએ પ્રયાસો કર્યા હતાં. જેમાં મહિલા સશકિતકરણની પ્રક્રિયાને વેગ મળેલો જોવા મળે છે. જેમા સરકારી અને સ્વૈચ્છિક સંગઠનોના પ્રયાસોની પણ અગ્રીમતા રહેલી છે. પંચાયતી રાજનો ૭૩ ના બંધારણીય સુધારાઓને પણ મહિલાઓના તૃતીય સ્થાનની અનામતની જોગવાઈ કરેલી છે. જેના લીધે મહિલા આર્થીક સશકિતકરણને પ્રોત્સાહન મળ્યુ છે. જેના અંતર્ગત મહિલા સ્વયમ સિધ્ધ કાર્યક્રમ ઈ.સ. ૨૦૦૧ માં શરૂ કર્યા જેના અંતર્ગત ૧૧૬.૩૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતાં. જેમાં મહિલા રોજગારી,રહેઠાણ,આરોગ્ય મહિલાઓને સ્વાવલંબી બનાવવી માતા બાળકોના કલ્યાણ કેન્દ્રની જોગવાઈ કરવામાં આવી.

ટુંકમાં સરકાર અને સ્વૈચ્છિક સંગઠનો ધ્વારા મહિલા સશકિતકરણ

માટે અનેક વિધ પ્રયાસો કરવામાં આવ્યા છે. આ પ્રયાસોના ફળ સ્વરૂપે સ્ત્રીઓના દરજજામાં સ્ત્રી સશકિતકરણનો નોંધપાત્ર વિકાસ અને પ્રશંસનીય કામગીરી થયેલી જોવા મળે છે. આ ઉપરાંત મહિલાએ સ્વયમ સશકિતકરણ માટે જાગૃત બનવું જોઈએ .

- **સુચનો :** –

(૧) મહિલાઓએ પોતાનો સામાજિક દરજજો ટકાવી રાખવા માટે સતત પ્રયત્નશીલ અને જાગૃત રહેવુ જોઈએ.

(૨) બંધારણીય અધિકાર કાયદાઓનું દરેક ક્ષેત્રમાં મહિલાઓ ઉપયોગ કરતી થાય તેવા કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.

(૩) સમાજમાં ભૃણ હત્યામાં નકારાત્મક ભાવનાઓ દર્શાવી નિર્ણય લેવામાં સાહસીક બની જીવન રક્ષણ માટે સાહસીક પગલાઓ લેવા જરૂરી છે.

(૪) શિક્ષણમાં છોકરા– છોકરીઓનો ભેદભાવ રાખવો નહી. કારણ કે પુત્રોને જીવનમાં શિક્ષિત પત્ની, પુત્રીત્યારે જ મળે છે. જયારે સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન અપાય.

(૫) રાજય સરકારની નાના કુટુંબની અનિવાર્યતા લાગુ પાડવી જોઈએ કારણ કે નાના કુટુંબમાં વધુ પડતા પ્રયાસો સ્ત્રીને ભૃણહત્યા તરફ લઈ જાય છે.

(૬) દેશ અને સમાજના નવ નિર્માણમાં વધુ ને વધુ મહિલાની ભાગીદારી હોવી જોઈએ.

(૭) મહિલાના વ્યકિતત્વ વિકાસમાં હકારાત્મક, રચનાત્મક શિક્ષણનું સ્થાન હોવુ જોઈએ.

સમગ્ર રીતે જોઈએ તો મહિલાઓનું સ્થાન એમાંથી ઉદભવતી સમસ્યા અને આ સંદર્ભમાં સ્ત્રીનું સ્થાન ટકાવી રાખવા અને વિકાસ કરવા એટલે મહિલા સશિકિતકરણ આ વર્તમાન સમયની ગંભીર ચુનોતી છે. જેના માટે સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓએ અનેક પ્રયાસો કર્યા છે. તેમાં સ્ત્રીઓએ પણ જાગૃત બનવુ જોઈએ.

સંદર્ભ સૂચિ

- ⇨ સ્ત્રી અને સમાજ – એ.જી.શાહ – જે.કે.દવે (અનડા પ્રકાશન).
- ⇨ સ્ત્રીનો બદલાતો દરજજો અને ભૂમિકા– ડો.કલ્પના શાહ– યુનિવર્સિટી ગ્રથ નિર્માણબોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ.
- ⇨ મહિલાઓ અને કાયદો – પ્રો.બી.એચ.ગાંધી– યુનિવર્સિટી ગ્રથ નિર્માણબોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ.
- ⇨ ભારતમાં સ્ત્રીઓનો દરજજો – નીરા દેસાઈ – ભગવતી પ્રકાશન– અમદાવાદ.
- ⇨ જાની બળવંત (૨૦૦૬) કન્યા કેળવણી વિમર્શ, અમદાવાદ, : પાર્શ્વ પબ્લીકેશન.

* Dr. B.M. Gohel ** J.B. Parmar

Arts [LIB. & INFO. SCI.]
Research Zone India
Vol. 2 Issue - (3)
June - 2014 Page - 222 - 224
ISSN 2319 - 8168

]jayaogktaAaorosayakmahaivVaalayaga`MqalaYa

*pa`stavaNa:
iSxNaAmaavaTaInaUBUtaJ#yatamaaMTAkJ#yataCo.
MmahaivVaalayaAo]caiSxNapa`tkvamaaTomaa`paqsapaNaCo.
maQyaikiSxNapUNa-qayabad]caiSxNamaaNsaaMtugaI
ivVaqIAomahaivVaalayaMpa`vaSmaaNCo.mahaivVaalayaA]ca
iSxNaMmaaTkoSC,caMkoYapaNyaoKvaSo.]caiSxNa
vyaikatmaPaNaGaTanaopayaaCoAnaoAnasaMgaiknvaSa
saQanaMsahyakrNaCo.iSxNapa`tkvamaaAiQkarsaO
kaMpnaolaCo,AnaoAqaI.Tkvyaktaonaapsa&anapa`tkTpatanaovaSkITkCoAnaoAnaBaNaI
SkCo.
kaMkivayaaMvaSTaRAnaoMDNapUvkaMBayasaaISAta
samaanyaTomahaivVaalayakaqaIqataqayaCo.AiMvVaqI-
AsapaMsaMsaQaNaoMSaaMkCo,naMmaaMSIkCo,pataaMI
suYptaSaktaonaopNaharlavaCo.ivVaqI-AonaMmaola
SaktaonaMpa`SnaaoiMpayaCo,pataaMnaMmaolaAvDtaano
sUcanaonkya-tarfvaLavaaMgaonaMGDtaraMya-mahaivVaa
gaMqalayaMqatMayaCo.
mahaivVaaMyaMtaraBayasa`maaNaUpayaogaIsaMga
maTokaMkaonsapa`kaaraMmaaiEtaqayaAgaMqalayaonaM
AvSykCo.iSxNaaMSaaonaivVaalayaaMQayaonapUNa-
kvaMaTomahaivVaalayagaMqalayaMdhrabaCo.ivVaqI-sayaM
ivVaSaoYaaonaicarSaIlabaMdtaonaAqairkiSxNamaaoTaCo,
tmaonaivVaqIAonaPramaaoTkxaNaMpadtaMAtmaBa-ta
sadtakrIskotmaaoTaMo]naesalatomahaivVaalayagaMqalaya
Co,AnaoAmaaoTkmahaivVaalayaMAkSmaPUgaMqalayonaM
AvSykCo.]caiSxNaivVaqI-AonaBaivSyonaMtarfAgUla
vaQarvaaMsahyakrNaCo,AnaoAkaya-saMtaapUNa-kayatao
gaMqalayaMTkaUJ#ICo.

*mahaivVaalayagaMqalayaonaAQaunaAkrNaonaoyaKyaAo:-
mahaivVaalayagaMqalayaonaAQaunaAkrNa:
mahaivVaalayaSaOMdXyaonao-nakaya-invtakvaaMtugaI.o
gaMqalayaonaSqapnakvaaMAvCo,tmaonamahaivVaalayagaMqalaya
kvaaMAvCo.JmahaivVaalayaMsaMkLpnaMJAnaoAlaMbna,
tmaonaonaoMgahNaotmaonaApvaAtsvaAotmaonaMjayagkta-
AonaoTlokotyaMBayasaktaivVaqI-Ao,QapkovgaronaI
J#yatmaonaAnaMdpNaotmaonaMgaMqalayonamahaivVaalayagaMqalaya
kCo.
mahaivVaalayagaMqalayonaVyaKyaAo:
"A library established, maintained and administered by a college meet the needs of its students and faculty".
-Harrod's Librarians' Glossary
mahaivVaalayonaivVaqI-AonaAvSyktaonaMQyaanmaaTonaI
vyavSqaJ#yatapUNa-kvaMaTogaMqalayonaIsaMpUNa-kvaMaM
AvtaotaonaovdhvaonsmalamahaivVaalayonaMkvaMaM
AvtaodhyatomahaivVaalayagaMqalayokhIzkI.
mahaivVaalayagaMqalayonaTlaovaMgaMqalayokmaMkyaMdSa
mahaivVaalayonaMBayasqaonaonaMgkSmaMgalmaaivkisttkI
tomahaivVaalayonaMivVaqI-AonaAQaunaIkSaOlInk
AvSyktaonaopUrpUNa-kvaonaCo.'
TUMkmaaMTotao,sataMkvaaOApvaaMAvtaiSxNaMmaaTo
maaTopa`aptonaJ#yata]BavaCotaonaMsaMtaoYavaMjayo-
mahaivVaalayagaMqalayonaMkvaMaMAvCo.

*mahaivVaalayagaMqalayonaMmaaTonaAvSyktaAo:-
mahaivVaalayagaMqalayonaMmaaTonaAvSyktaAonaIcaonaMdaSaIkIkrNa.
1.ivVaqI-aonaBayask`maNaAsanapustkonaMjaLvaQaranaMvaonaa:
mahaivVaalayonaMBayasktaivVaqI-aonaAvSyktaonaBayask`maNaM
pustkonaupyaogIqavaonaMtaonaMmahaivVaalayagaMqalayonaM
rolaCo.koTlkvaramahaivVaalayonaMBayasktaivVaqI-
AonaAvSyktaonaMAiqkisttaMdaLavaqayCo,tmaonaAMtrIStIyaMk
laMbapustkonaMTlsavaonaMtaonaqLaqIMmahaivVaalayagaMqalaya
AvSyktaonaivVaqI-aonaBayask`maNaMsapustkonaupyaogIqavaonaMBayasa
kayaMmaMsahyatakrCo.
2.ivVaqI-aonaupyaogIMvyaMjanaMAyaivVaqI-aonaMkfkvaro:
ivVaqI-aonaMtaonaBayask`maNaMpustkonaMtaonaMdXyaMgaMqalayonaM
pustkonaMpa`tkaoMnaMu,tonaMjaLvaNaIyaMsaMgaRivVaqI-aonaM

* Asst. Librarian, M.K. Bhavnagar University, Bhavnagar
** Libratrian, Sir P.P. Institute of Science, Bhavnagar

pa\kaSta sahityasaMgaRIvaqI-Aonao Avaiva Aayaonao sMlaona
kTAonaonaonaa`yaqa`vaonaqMkaoDaogMqalayaonao
©

3.gMqalayaonaTvaonaonaonaSgaRIvaqI-Aonaqpaircaalkavaa:
nanaivaVlayaonaMvaonaonaonaonaMyaonaqpaZyaqpustkaoMpaUrNaonao
naqIparMtuqpaZyaqpustkaoqpaoSaMQonaAvSyaoyaqpustkaoqI
taqpivaBaonaonaoMkaonaMDIonaonaoqpaoSaqgaqnaonaivaVyaonaM
vaonaonavaMQaonaoMjaUgaqIonaMyaoC.AqpaustkaonaIgaZMqI
pustkaonaonaMtarivaVyaesaMQaIonaoSaonaovaMjaU.pustkaona
kaonaTparaqpa`kaonaI inaoSqpaeRAoivaVaqI-AonaqpaotaonaonaA
[icaqpustkaqpa`taikvaonaMvaQaoSayakaonaC.gMqalayaonaA
vyavasqpakaonaoMkaonaTaonaMvaMtarftaoQaonaonaMvaMjaU.
paMtuonaonaovyaonaonaMkaTaoSaonaBaoDaonaonaovaMjaU.kaotaonaonaI
paesaqpaIsaonaMkra`laovaonaonaivaVlayaonaonaesaBaAoStaunaMro.

4.paustkaqpa`tyaoAdBavaonaonaoMfica.JgRtaikvaI:
AaonaoTBaqgaonaMgMqalayaoMTaesaonaMvaonaonaMo]naitaraqIonaonaya
koJaU]jayaogMkaqpaotaonaIvaonaonaonaSgaRIvaqIvaQaoSayakaonaoMsaMgRhaonaonaMo]jayaogMkaTIkaqpaotaonaIsaMyaotaolaqpaotaonaI
vaonaonaonaSgaRIvaqIvaQaoSayakaonaoMsaMgRhaonaonaMo]jayaogMkaTI
kaqpaotaonaIsaMyaotaolaqpaotaqpaotaonaonaonaonaonaoMSaolaonaonaoMDaonaonaonaIkaqpaotaonaonaonaonaMgMqalayaonaqpaotaonaonaonaonaon

4.vaEyai@tkrNaAmaka pustakaalayaAMkaI vyavasqaa
Aaotaomaatapaivaiqa palabQataa AaOr vaEkiLpk
maaDyamaaMkaI jaanakarI.

5.tamaamavaEkiLpkmaaDyamaaMkaI jaanakarIkao
sqaaniyatvastau maaMkaI jaanakarIkao saMgaRiqat
kr sakto hOM.

6.ivaSlaoYaNaAtmak AaOr saaMiKyakIya AaMkD,aaoM
kao saMsaaiQat kr sakto hOM.

gaRMqaalayaaoM kao gaRMqaalayaaoM kI AavaSyakta
gaRMqaalayaaoM kI saMKyaa
gaRMqaalayaaoM kI saMrcanaa
gaRMqaalayaaoM kI saMcaalana

AaMkD,aaoM kao saMkilat kr sakto hOM.

1.ivaiBanna gaRMqaalayaaoM kao AavaSyak jaanakarI
AapvatarNa AaOr pasaar kr sakto hOM.

2.gaRMqaalayaaoM kao saMsaaQanaoM kao AavaMTana
ivaiQayaaoM kao saaJaa kr sakto hOM.

3.&aaMkD,aaoM kao saaMiKyakIya ivaSlaoYaNa kao
kvaaMTaoM kao AavaMkD,aaoM kao saaMiKyakIya
JaaMkI kao saMpaadIt kr sakto hOM.

4.ivaiBanna gaRMqaalayaaoM kao saMgaRnaaoM kao
kaya-kSalata kao baZ,aavaa dao sakto hOM.

saMdBa- sUcaI

- surOMdr, koAsa. ³1991´. saMdBa- pustakaalaya : saMgaRnaatmak AaOr saaMiKyakIya saMdBa-. navaIdlhI : Aosa. Aosa. pabalIkoSana. pa. 49.
- Harrod, Leonard M. ³1995´. Harrod's librarian's glossary. England : Gower, p. 163.
- Dhyani, Pushpa ³2002´.Glossarium of library and information science terms : English to Hindi. New Delhi : Ess Ess publication,p.15.
- iqvaarI, Aosa.Aoma. ³1999´. gaRMqaalayaAaosaMa, navaIdlhI : Aosa.Aosa.pabalIkoSana, pa. 57.
- Trehan, G. L. (1969´. College library management. New Delhi : Sterling, p.79.
- surOMdr, koAsa. ³1991´. saMdBa- pustakaalaya : saMgaRnaatmak AaOr saaMiKyakIya saMdBa-, navaIdlhI : Aosa.Aosa.pabalIkoSana, pa. 501-502.
- SaMkr, Ao. ³1992´. pustakaalaya ivaSlaoYaNa. dlhI : vaD-bauk hOlsa, pa. 26.

Contents

Research Zone India, Vol. II Issue -(3) III JUNE- 2014

SCIENCE

1 M.K. Gondaliya ⇨ Habit And Morphology Of Gel Grown Nickel Doped Potassium Hydrogen Tartrate Single Crystals

3 G.D. Vyas ⇨ Conceptual Framework Of Vedic Mathematics In Recent Education System, In India

6 R.L. Thadesar ⇨ Mathematicas And Art

9 R.P. Madhu, S.M. Thathagar ⇨ Is 'E Learning And M Learning' Are The Effective Education System For Up-Coming Education System

MEDICAL

11 Dr. G.S. Patel, Dr. P. Shah ⇨ An Experimental Analysis Of Homoeopathic Medicine (Arsenic Album) In The Growth, Development And Disease Capability In Plant (Calendula Officinalis)

AYURVEDA

15 A.K. Katariya ⇨ Ksharsutra In Fistula In Ano (Bhagandara)

COMMERCE

18 R.M. Parmar ⇨ Rural Entrepreneurs: Problems & Remedies To Solve

21 M.M. Goswami ⇨ Rainwater Harvesting In India

26 M.D. Vachhani ⇨ ગુજરાતમાં સામાજીક ક્ષેત્રોનો વિકાસ

30 G.A. Patel ⇨ In 21 Century: Entrepreneurship Challenges

33 B. Kamdar ⇨ Corporate Social Responsibility

36 V.B. Vala ⇨ Impact Of Advertisement On Students

39 T.S. Shaikh, J.D. Patel ⇨ Risk Management

43 P.M. Chapaneri ⇨ Analysis Of Cost Structure Of Aluminium Industry In India Precis

47 Akkata Pandya ⇨ પરંપરાગત વેપાર વ્યવસ્થા ઉપર આધુનિક મોલ કલ્ચરની અસર

50 Pratik Trivedi ⇨ A Mathematical Study On Marketing Management

RURAL

54 Dr. Hemu Jambukiya ⇨ S[r)bilki[n) (AY(tni[a¿yis: amdivid

57 P.M. Kherala ⇨ સામાજિક વિલુપ્ત : વિચરતી અને વિમુકત જાતિ

EDUCATION

60 D.D. Gohil ⇨ Äkuhý-Lkðlkk rðkÚkeoykuÃkhytøkúuSÔkfhýlkkt 'NOUN' yuf{{kxulkk C.A.I. (fBÃfoxhyrMkxuzRLMÙfplk) fkbot{Lkeyrkhfkhfikk: yuf«kkhurøkfyÇkMk

63 V.B. Chauhan ⇨ To Study The Effect Of Stress On Stress-Managementof Higher Secondary Students

66 Ranjana Devi ⇨ Proper Listening Habit In English Language Improves Speaking, Reading And Writing Skill In College Going Students: An Experimental Study

70 Dr. Ajay. Boricha ⇨ માધ્યમિક શિક્ષક – પ્રશિક્ષણ કોલેજના પ્રશિક્ષણાર્થીઓની સ્વ–કાર્ય સાધકતા

72 H. Prajapati ⇨ Technical Skills Of Teaching

74 M.N. Thadeshwar ⇨ Innovative Methods Of Teaching

EDUCATION		
77	B.G. Pandya	⇨ ઈન્ટરનેટ આધારિત આઠમા ધોરણના વિજ્ઞાનની પ્રશ્ન સંચયિકાની રચના અને યથાર્થીકરણ
ARTS		
79	J.V. Bhatt **(ECONOMICS)**	⇨ જિલ્લાની : ભાવનગર યુનિવર્સિટી
PHYSICAL EDUCATION		
81	Dr. P.M. Kasundra	⇨ Effectiveness Of Biofeedback And Autogenic Training On Reaction And Co-Ordination Time Of Tennis And Cricket Player
86	Dr. C.G. Jhala	⇨ Health Promotion During Aging
88	Dr. G.M. Patel	⇨ A Comparative Study Of Anthropometry Of National Level Players Of Karate, Judo And Wrestling
91	N.D. Chaudhari	⇨ Effect Of Selected Pilates Exercises On Body Composition Percentage Of Obese People
95	M.D. Bhatt	⇨ A Study In The Field Of Physical Fitness Of Students And Their Effects Through Multimedia Package Programme
98	Dr. B.K. Joshi	⇨ Effectiveness Of Biofeedback And Autogenic Training On Reaction And Co-Ordination Time Of Tennis And Cricket Player
102	A.D. Chaudhari	⇨ Effect Of Socio-Economi Status And Anxiety On The Performance Of Physical Eucation Studant
105	H.R. Pansuria	⇨ A Study of Diet And Health Related Habits of Professors of Colleges Affiliated to Veer Narmad South Gujarat University
107	V.S. Vakani	⇨ Physiology Of Yoga Poses
109	Akash Gohil	⇨ Importance Of Food Nutrition In Physical Education
111	Dr. Arjunsinh Rana	⇨ Concept Of Ayurvedic Body Types And Fitness
116	Hitaxi	⇨ Life Style Correction And Social Wellness Through Yoga
119	V.G. Patel	⇨ Common Sports Injuries And Their Prevention
122	T.R. Sharma	⇨ Exploring Stress And Its Management Strategies Amongst National Level Sports Persons
124	Chetan Dhanani	⇨ Drugs In Sports
127	Y.L. Jethava	⇨ The Relationship Of Sports Climbing Performance With The Selected Variables Of Fitness
129	B.H. Kantesariya	⇨ Interrelationship Of Bmi With Strength, Speed And Flexibility In Different Age Groups
132	V.S. Vakani	⇨ Pranayama A Science Of Breathing
134	Arjunsinh Rana	⇨ The Use Of The Person-Centered Approach For The Reduction Of The State-Trait Anxiety In Football Players
137	J.B. Chauhan	⇨ Career In Sports Psychology
140	A.M. Chaudhary	⇨ શામળાજી કોલેજના કબડ્ડીના ખેલાડીઓ અને રાજેન્દ્રનગર કોલેજના ખો–ખોના ખેલાડીઓ પર રમત ચિંતાનો તુલનાત્મક અભ્યાસ
142	K.S. Limbani	⇨ અમરેલી જિલ્લાની શહેરી અને ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાઓની વિદ્યાર્થીનીઓની શારીરિક યોગ્યતાનો તુલનાત્મક અભ્યાસ
145	S.R. Odedara	⇨ રમતવીર અને બિનરમતવીર બહેનોના માનસિક સ્વાસ્થ્યનો તુલનાત્મક અભ્યાસ
147	V.J. Chaudhary	⇨ ખો–ખો અને હેન્ડબોલ રમતમાં આંતરવિશ્વ વિદ્યાલય કક્ષાએ પસંદગી પામેલા ખેલાડીઓના શરીર પરિમિતિનો તુલનાત્મક અભ્યાસ
150	G.N. Vasava	⇨ Nutrition For The Athlete
154	J.B. Chauhan	⇨ The 3 Body Types And Traning
158	V.R. Desai	⇨ Physical And Health Education
160	Dr. N.H. Gamit R.K. Dariya	⇨ Sport Competition Anxiety Among Male And Female Inter – Collge Level Sportspersons Of Diffrent Games
163	D.G. Patel	⇨ Stress Affect Sports Performance

LAW

166 Dr. J.A. Pandya ⇨ સમાજમાં ન્યાયના વહીવટની જરૂરીયાત

168 M.P. Bhatt ⇨ Ethics Of Human Rights And Good Governance Abstract

MANAGEMENT

170 P.B. Prajapati ⇨ How indian companies & mncs made the marketing very successful with indian solution and indian touch?

172 Deepa Kesari ⇨ Knowledge Management –An Intangible Asset Of The Organization

176 Rahul . Sondarva ⇨ An Empirical Research On Hrd Climate At Excel Industry

ARTS

179 P.H. Solanki **(ENGLISH)** ⇨ A semiotic inquiry in to the interface between selected novels and their film versions: insights for teaching literature at the u.g. Level

183 K.J. Parmar **(ENGLISH)** ⇨ Whooping Cough: A Story Of Struggle For Rights Of Dalit Kachra

186 V. Pandya **(ENGLISH)** ⇨ Curriculum Designing: Inception To Execution

189 Shruti Trivedi **(ENGLISH)** ⇨ Effects Of Non-Verbal Communication On College English Classroom Teaching

191 D.N. Solanki **(HINDI)** ⇨ çkÅ;kfid>ke,oa[kkn~;Lo:ikadsla

193 Dr. N.R. Shaikh **(GUJARATI)** ⇨ દામ્પત્યની દાહક સમસ્યાઃ અંતર

195 S.N. Patel **(GUJARATI)** ⇨ વાર્તાકાર કનૈયાલાલ મુનશીની સર્જક પ્રતિભા

197 Dr. M.J. Vyas **(SANSKRIT)** ⇨ આચાર્ય હેમચંદ્રસૂરિ રચિત સ્તોત્ર – સરિતા

200 D.D. Badheka **(SANSKRIT)** ⇨ આદિ શંકરાચાર્યના હરિસ્તુતિ : સ્તોત્રમાં બ્રહ્મ વિભાવના

202 Dr. P.G. Trivedi **(SANSKRIT)** ⇨ osnksesai;kZoj.k&laj{k.k

204 Dr. M.J. Vyas **(SANSKRIT)** ⇨ વેદમાં પર્યાવરણ ચિંતન

206 P.R. Trivedi **(PSYCHOLOGY)** ⇨ A Study Of Aggression And Dependence Proneness Among Employed And Unemployed Youth

209 H.M. Mahida **(ECONOMICS)** ⇨ A Socio-Economic Study Of Woman Worker In Shopping Mall

211 P.G. Sindha **(ECONOMICS)** ⇨ pæmhal ijLlana lImDIya Ane[sroDa gamno Aai4R ivkasno tuInaTmk AWyas

214 A. Galani **(ECONOMICS)** ⇨ ૭૫ લાખ આદીવાસીઓ માટે વનબંધુ કલ્યાણ યોજના

216 Dr.D.V. Gohil **(HISTORY)** ⇨ સરદારસિંહ રાણાની ભારતમાં પ્રવૃતિઓ

219 Dr. S.A. Kureshi **(SOCIOLOGY)** ⇨ સ્ત્રી સશકિતકરણ

222 Dr .B.M. Gohel J.B. Parmar **(LIB. & INFO. SCI.)** ⇨ Jpayaogkta-Aamosnayakmahitivalayagmpalaya